| | | |
|---|---|---|
| **કાર્યપાલક ઈજનેર**<br>**પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ**<br>**સુરત મહાનગરપાલિકા** | | **સુરત મહાનગરપાલિકા**<br>**શાળા નં. ૧૬, સોહમ સર્કલ પાસે,**<br>**અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત.** |

# : <u>સંમતિપત્રક</u> :

પ્રતિ,
...............................................
...............................................
...............................................
...............................................

પી.આઈ.સેલ/આઉટવર્ડ/નં.૮૩૩
તાઃ ૨૩/૦૯/ ૨૦૨૬

**વિષય :–** સ્મીમેર કેમ્પસમાં આવેલ વિવિધ બિલ્ડીંગો જેવી કે હોસ્પિટલ, મેડીકલ કોલેજ વિગરેમાં ડેકોરેટીવ પેઈન્ટીંગ વિગેરેની કામગીરી કરાવવા બાબત.

**સંદર્ભ :–** સ્થા.સ.ઠ. નં. ૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર ભાવે અને શરતે

સુરત મહાનગરપાલિકા સ્મીમેર કેમ્પસમાં આવેલ વિવિધ બિલ્ડીંગો જેવી કે હોસ્પિટલ, મેડીકલ કોલેજ વિગરેમાં ડેકોરેટીવ પેઈન્ટીંગ વિગેરેની કામગીરી કરાવવા સ્થા.સ.ઠ.નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી લેવામાં આવેલ નિર્ણયો મુજબ તથા આ ઠરાવથી મંજૂર થયેલ યુનિટ રેટ મુજબ સદર કામગીરી કરવા માટે જો આપ રસ ધરાવતા હોય તો, તા. ૦૬/૧૦/૨૦૨૬ નાં રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં લેખિત સંમતિપત્ર રજૂ કરવા જણાવવામાં આવે છે. નિયત મુદત વિત્યા બાદ કોઈપણ સંમતિપત્ર સ્વીકારવામાં આવશે નહી.

| અ.નં. | કામની વિગત | અંદાજીત રકમ રૂા. પૈ. | બાનાની રકમ રૂા. પૈ. | સમયમર્યાદા |
|---|---|---|---|---|
| ૧. | સ્મીમેર કેમ્પસમાં આવેલ વિવિધ બિલ્ડીંગો જેવી કે હોસ્પિટલ, મેડીકલ કોલેજ વિગરેમાં ડેકોરેટીવ પેઈન્ટીંગ વિગેરેની કામગીરી કરાવવા બાબત. | રૂા.૪,૯૯,૧૬૬.૫૫ પૈ. (G.S.T. સહિત) | ૫,૦૦૦.૦૦ | ૦૬ (છ) માસ |

**:શરતોઃ–**

૧. E.M.D ની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો રાષ્ટ્રીયકૃત શિડયુલ બેંકનાં ડિમાન્ડ ડ્રાફ્ટ/ પે ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦.૦૦ /– ની આપવાની રહેશે.

૨. એજન્સીએ અંદાજીત રકમના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવન્સી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. એજન્સીએ છેલ્લા ૦૭ (સાત) વર્ષમાં દરમ્યાન સમાન કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું અનુભવનું સર્ટીફિકેટ ફોર્મ –૩ (A) સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. એજન્સીએ છેલ્લા ૦૩ (ત્રણ ) વર્ષના આઈ.ટી.રિટર્ન સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. એજન્સીએ જી.એસ.ટી.રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. એજન્સીએ પાનકાર્ડ રજુ કરવાનો રહેશે.

૭. સ્થાયી સમિતિના ઠરાવ નં.૫૯૪/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ થી મંજુર થયેલ ટેન્ડરના પ્રાઈસબીડ અને ટેકનીકલ બીડની શરતોના એજન્સી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધા જ સંમતિપત્રક રદ કરવા અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૯. સદર કામ માટે એક કરતાં વધુ સંમતિપત્ર આવે, તેવા સંજોગોમાં કોઈપણ એક એજન્સી/ઈજારદારને કામની સોંપણી કરવાનો હક સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે અંગે કોઈપણ એજન્સી / ઈજારદાર વાંધો લઈ શકશે નહીં.

૧૦. તમામ પ્રકારના વેરા એજન્સીએ ભોગવવાનાં રહેશે.

૧૧. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતાં કાયદાનું એજન્સીએ પાલન કરવાનું રહેશે.

૧૨. આ કામની પ્રાથમિક માહિતી તથા સ્થાયી સમિતિનાં ઠરાવની વિગતો માટે પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલની કચેરી રૂમ નં.૧૦, ગ્રાઉન્ડ ફ્લોર, 'ડી' બ્લોક, સ્મીમેર ખાતે સંબંધિત ડેપ્યુટી ઈજનેર/આસી.ઈજનેરનો કચેરીનાં કામકાજનાં દિવસો દરમ્યાન સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ દરમ્યાન સંપર્ક સાધવાનો રહેશે.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના ડિટેઈલ ટેકનીકલ સ્પેસીફિકેશન મુજબ કરવાની રહેશે.

૧૪. એજન્સીએ છેલ્લા ૦૩ (ત્રણ) વર્ષનાં ટર્ન ઓવરનું સી.એ. સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાનું રહેશે.

૧૫. આ કામ પુરુ કરવાની સમયમર્યાદા વર્કઓર્ડરની તારીખથી દિન –૧૦ (દસ) પુરા થયેથી ૦૬ (છ) માસની ગણવાની રહેશે.

--SD--
**કાર્યપાલક ઈજનેર**
**પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ**
**સુરત મહાનગરપાલિકા**

**નકલ સ.રવાના :–** કાર્યપાલક ઈજનેરશ્રી (તમામ ઝોન/ વિભાગો) પ્રતિ...... નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા ઘટિત કાર્યવાહી માટે.

**નકલ રવાના :–** (૧) ઈ.ચા.ડાયરેકટર(I.T.) શ્રી પ્રતિ .... જાણ તથા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) ટેન્ડર કલાર્કશ્રી (પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલ)પ્રતિ .... નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા માટે.